# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ

**ઉમરગામમાં કલાકોના ગાળામાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા : સંજાણ-ખતલવાડા માર્ગ ઉપર બે બસ પાણીમાં ફસાઈ : તમામનો બચાવ : જુનાગઢ-વંથલીમાં ભારે વરસાદ**

અમદાવાદ,તા. ૨૨

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં અતિ ભારે વરસાદના કારણે આજે જનજીવન ખોરવાયેલું રહ્યું હતું. અનેક નિચાણવાળા વિસ્તારો જળબંબાકર થઈ ગયા હતા. અનેક જગ્યાએ લોકો અટવાઈ પડ્યા હતા. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં એક ઈંચથી લઈને પાંચ ઈંચ સુધીનો વરસાદ થયો છે. ઉમરગામમાં કલાકોના ગાળામાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. જેના પરિણામ સ્વરૂપે નીચાણવાળા વિસ્તારો તથા નાના કોઝવે ઉપર પાણી ફરી વળ્યા હતા. ઉમરગામમાં સંજાણ-ખતલવાડા માર્ગ ઉપર કોલીમાડી તથા રમતડી ખાડી પરના કોઝવે પરથી પસાર થતી બે એસટી બસ પાણીમાં અટવાઈ પડી હતી. જેના પરિણામ સ્વરૂપો લોકો અટવાઈ પડ્યા હતા. જોકે સ્થાનિક લોકોએ તથા ફાયર બ્રિગેડના જવાનોએ તરત પહોંચી જઈને તમામને બચાવી લીધા હતા. જેથી તંત્રને રાહત થઈ હતી. ઉમરગામમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. કલાકોના ગાળામાં જ પાંચ ઈંચ જેટલો વરસાદ આજે નોંધાયો હતો. જેથી લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. ઉમરગામ તાલુકામાં મોસમનો કુલ વરસાદ આજે ૧૦૦ ઈંચના આંકડાને પાર કરી ગયો હતો. બીજી બાજુ સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદ જારી રહ્યો છે. સૌરાષ્ટ્રના જુનાગઢમાં અઢી ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે કેશોદમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. વંથલીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. મોડી રાતથી શરૂ થયેલો વરસાદ આજે પણ જારી રહ્યો હતો. જે વિસ્તારમાં વધુ વરસાદ થયો છે તેમાં જુનાગઢ, કેશોદ, વંથલીનો સમાવેશ થાય છે. જુનાગઢના મેંદરડામાં અડધા ઈંચથી વધુ વરસાદ થયો છે. ઉનામાં પણ અડધો ઈંચ વરસાદ થયો છે.

ઉપરવાસમાં વરસાદ થતા રાવલ ડેમમાં પાણીની સપાટીમાં વધારો થયો છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં હજુ વરસાદી મહાલો રહેવાની સંભાવના દેખાઈ રહી છે. જુનાગઢ શહેરમાં ધોધમાર બે ઈંચથી વધુ વરસાદ થયો છે. વંથલીમાં પણ ભારે વરસાદ થયો છે.

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં એક ઈંચ વરસાદ થયો છે. ઉપલેટા અને ઉનામાં એક એક ઈંચ વરસાદ થયો છે. વિસાવદર, વીછીયા, તળાળા, ધારીમાં બે બે મીમી વરસાદ થયો છે. ગિરગઢડામાં ચાર મીમી વરસાદ થયો છે. અત્રે નોંધનિય છે કે ગુજરાતના વિવિધ ભાગોમાં પણ વરસાદીની સાથે સાથે હાલ અમદાવાદમાં પણ વરસાદ થયો છે. વરસાદી માહોલ જામતા તમામ જગ્યાએ ઠંડક પ્રસરી ગઈ છે. ઉમરગામ તાલુકામાં બે એસટી બસ ફસાઈ જવાના મામલામાં તપાસ હાથ ધરાયા બાદ બસમાં કેટલા લોકો હતા તે સંબંધ માહિતી મળી શકી નથી પરંતુ ફાયર બ્રિગેડના જવાનો અને સ્થાનિક તૈયારીઓએ સારી કામગીરી અદા કરી હતી. ઉમરગામના પીઆઈ અને પોલીસ સ્ટાફના લોકો પણ ઘટના સ્થળે પહોચ્યા હતા. બીજી બાજુ પાણી હોવા છતાં બેદરકારીપૂર્વક બસ લઈ જનાર સામે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. કારણ કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ બસમાં હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.




## જેસીઆઈ મોડાસા દ્વારા અનોખો સન્માન સમારંભ યોજાયો

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ઈન્ડીયાના જેસીઆઈ મોડાસા દ્વારા જેસી વીકની ઉજવણી કરવામાં આવી. જેસીઆઈ મોડાસાના પ્રમુખ ડૉ. સંતોષ દેવકરે આ ઉજવણીના ભાગરૂપે જુદા જુદા ક્ષેત્રોમાં સેવા આપતા અને સમાજોપયોગી કાર્યો કરતા વિવિધ વ્યક્તિઓને સન્માનવાનો અનોખો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ડીવાયએસપી કિશોરભાઈ બડોલીયા, ડૉ. અરૂણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, ઝોન પ્રેસીડેન્ટ કમલેશભાઈ ઠક્કર, ઝોન વાઈસ પ્રેસીડેન્ટ હર્ષદભાઈ પારેખ, નવનીતભાઈ પરીખ, વિનોદભાઈ પટેલની ઉપસ્થિતિમાં મોડાસા પ્રદેશના મહાનુભાવોને શાલ અને મોમેન્ટોથી સન્માનવામાં આવ્યા હતા. તેમજ જેસી વીક દરમિયાન સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત નગરજનોએ કાર્યક્રમને બિરદાવ્યો હતો અને યોગ્ય વ્યક્તિનું યોગ્ય સમયે થયેલા સન્માનની વાતની પ્રશંસા કરી હતી. ધર્મેન્દ્ર ત્રિવેદી, રવી શાહ, સ્વાતિ દેવકર, ચન્દ્રીકાબેન પટેલ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં આભારવિધિ મુકુન્દ શાહે કરી હતી.

## મોડાસા ખાતે આજે રીજીયોનલ કોન્ફરન્સ

મહેસુલ મંત્રીના અધ્યક્ષ સ્થાને રિજીયોનલ કોન્ફરન્સ આવતીકાલે તા. ૨૩મીના રોજ સવારે ૧૦ કલાકે ભામાશા હોલ મોડાસા ખાતે સવારે ૧૦ વાગે યોજાશે. જેમાં ઉત્તર ગુજરાતના છ જિલ્લા જેવા કે અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને કચ્છ જિલ્લા સહિત કુલ છ જિલ્લાઓ દ્વારા કોન્ફરન્સ યોજાનાર છે. આ કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટરો, પ્રાંત અધિકારીઓ, મામલતદારો ઉપસ્થિત રહેશે તેમજ મહેસુલ વિભાગના અગ્ર સચિવ, સેટલમેન્ટ કમિશનર, રાહત કમિશનર તેમજ અરવલ્લી જિલ્લાના પદાધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

## મેઘરજના સાળંગપુર પાસે વિદેશી દારૂ પકડાયો

મેઘરજ, તા. ૨૨

મેઘરજના સાળંગપુર પાસેથી બાતમીના આધારે સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર મોડાસા તેમજ મેઘરજ પોલીસના સંયુક્ત ઉપક્રમે મુદ્દામાલ સહિત રૂ. ૮,૨૮,૭૦૦નો વિદેશી દારૂ સાથે ૧ આરોપીને ઝડપી પાડ્યો હતો. જ્યારે આરોપી વાહનચાલક ગાડી મુકી ભાગી છુટ્યો હતો.

મેઘરજ પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન પાસિંગની નિશાન માઈક્રા ગાડી નં. આરજે.૧૨.સીએ.૨૫૩૫નો ચાલક પોતાની ગાડીમાં રાજસ્થાનથી દારૂ ભરી કાલીયાકુવા થઈ જીતપુર ચાર રસ્તા થઈ જવાનો છે જે બાતમીના આધારે સાળંગપુર ચાર રસ્તા પાસે મેઘરજ પીએસઆઈ જી.કે. બારોટ તેમજ મોડાસા સર્કલ પોલીસ ઈન્સ્પેકટર આર.ટી. ઉદાવતની ટીમે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમીવાળી ગાડી આવતા પોલીસે પોતાની સરકારી ગાડી રોડ વચ્ચે ઉભી રાખી બાતમીવાળી ગાડીને રોકી લીધી હતી તે અરસામાં દારૂની ગાડીનો ચાલક દરવાજો ખોલી ભાગી છુટ્યો હતો અને ચાલકની બાજુમાં બેઠેલ એક ઈસમને ગાડીમાંથી ઝડપી પાડ્યો હતો અને ગાડીની ડેકી ખોલી જોતા અંદર ઈંગ્લિશ દારૂનો જથ્થો જોવા મળતા ઝડપાયેલા આરોપી



અમીત પુજા ઠાકોરને ઝડપી પુછપરછ કરતા ભાગી છુટેલ કાર ચાલકનું નામ સોનુ ઉર્ફે સોહન સિંહ બતાવ્યુ હતુ. જેથી પોલીસે દારૂની ગાડી ભરેલ જથ્થો તેમજ એક આરોપીને મેઘરજ પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો. જે ગાડીમાંથી રોયલ સ્ટેગ ક્લાસીસ બોટલ નંગ ૧૧૪ કિંમત રૂ. ૫૭૦૦૦, મેજીક મુવમેન્ટ નંગ. ૨૪ કિંમત રૂ. ૧૬૮૦૦, રોક એન સ્ટ્રોમ ડિલક્ષ વ્હીસ્કી મોટી બોટલ નંગ-૧૪૩ રૂ. ૭૧૫૦૦, રોક એન સ્ટ્રોમ ડિલક્ષ વ્હીસ્કી નાની બોટલ નંગ-૯૫ કિંમત રૂ. ૯૫૦૦, સેવન સીઝ એકસ્ટ્રા ડ્રાઈવ જીન નંગ-૨૪ કિંમત રૂ. ૧૨૦૦૦, હેવર્ડ ૫૦૦૦ સ્ટ્રોંગ બીયર નંગ ૧૧૯ કિંમત ૧૧૯૦૦ એમ મળી કુલ ૧,૭૯,૭૦૦નો વિદેશી દારૂ તથા નિશાન માઈક્રો ગાડીની કિંમત રૂ. ૬,૫૦,૦૦૦ એમ મળી મુદ્દામાલ સહિત રૂ. ૮,૨૮,૭૦૦ દારૂ ઝડપી પાડ્યો હતો.

## હજુ વરસાદના યોગો

હજુ આગામી દિવસોમાં વરસાદ પડી શકે છે. નક્ષત્ર બદલાતા વરસાદ આવી શકે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના ભાગોમાં હાલમાં પાછોતરો વરસાદ વરસી રહ્યો છે ત્યારે સપ્ટેમ્બર માસના આગામી દિવસો જોતા હજુ પણ વરસાદના યોગો છે. હજુ ચોખ્ખો ભુર પવન થયો નથી એટલે વરસાદ આવે અને આગામી ૪૮ કલાકમાં દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદની વકી છે. તેમજ દક્ષિણ મહારાષ્ટ્ર અને રાજ્યના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહે તેમજ વરસાદ આગામી ઓક્ટોબર માસમાં આવવાની વકી રહે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા સપ્ટેમ્બર તા. ૨૪ થી શુક્ર ગ્રહ સ્વાતી નક્ષત્રમાં આવતા દક્ષિણ ભારતના ભાગોમાં અતિભારે વરસાદની વકી રહે. આંધ્ર, તેલંગાણા, કેરળ, કર્ણાટક અને તામિલનાડુના ભાગોમાં વરસાદની વકી રહે. ગુજરાત સૌરાષ્ટ્રના ભાગોમાં સપ્ટેમ્બર તા. ૨૬ થી વરસાદના યોગો રહે. દક્ષિણ ગુજરાત, દક્ષિણ સૌરાષ્ટ્ર અને દરિયાકિનારાના ભાગોમાં વરસાદની વકી રહે. કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદની વકી રહે. સૌરાષ્ટ્રના અન્ય કેટલાક ભાગોમાં છુટાછવાયા વરસાદની વકી રહે. ઉત્તર-મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ પડવાની વકી રહે. હજુ પણ આકરો તાપ પડે અને વરસાદ પડે.

સપ્ટેમ્બર તા. ૨૬-૨૭ના રોજ સૂર્ય હસ્ત નક્ષત્રમાં આવતા નવરાત્રીના દિવસોમાં પણ કોઈ કોઈ ભાગોમાં હાથિયો ગાજવીજ સાથે વરશે અને આગામી દિવસોમાં સાગરકાંઠે પવનનું જોર રહે. પાછોતરા વરસાદથી નીધલમાં આવેલા ધાન્ય પાકો સારા થાય તેમજ તેલીબીયાના પાકો સારા થાય.

## મેઘરજના ભુતિયા (કુંડી) પ્રાથમિક શાળામાં વીજ સર્કિટથી ઉપકરણો બળીને ખાખ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ભુતિયા કુંડી પ્રા. શાળામાં આગ લાગી હતી. આગ લાગતા ગામના લોકો દોડી આવ્યા હતા અને



બોરની મોટર ચાલુ કરી આગ કાબુમાં લીધી હતી. આ આગમાં એલસીડી નંગ-૨, સીપીયુ નંગ-૨, કી બોર્ડ નંગ-૨, માઉસ નંગ-૨, પ્રિન્ટર નંગ-૨, સ્કેનર નંગ-૧, યુપીએસ બેટરી નંગ-૨, સ્પીકર જોડ નંગ-૨, રિલોવીંગ ચેર નંગ-૩, ટેબલ નંગ- ૩, સોફા નંગ-૧, પંખા-૩, ટ્યુબલાઈટ-૨, ગ્રીન બોર્ડ-૧, ફલેનલ ડિસ્પ્લે બોર્ડ-૧, ડિસ્પ્લે બોર્ડ-૪, આરટીઈ ડિસ્પ્લે-૧, એમસીબી સ્વીચ-૨, મેઈન સ્વીચ-૧, શેતરંજી-૧, નેટ કેબલ ૩૦ મીટર, વજન કાંટો-૧, દેશ નેતાઓના ફઓટા-૫, એમ્પ્લીફાયર-૧, સ્પીકર મોટુ નંગ-૧, કેટલીક દફતરી ફાઈલો તેમજ સમગ્ર ઓફિસનું વાયરીંગ બળી ગયુ હતુ. આમ તમામ શાળાની સામગ્રી બળીને ખાખ થી જતા શાળાના આચાર્યએ ગામ લોકો અને પંચોને રૂબરૂ બોલાવી પંચોની હાજરીમાં પંચનામુ કરવામાં આવ્યું હતું અને આ બનાવ અંગેની જાણ ભુતિયા કુંડી પ્રા. શાળાના આચાર્યએ મેઘરજ પોલીસ સ્ટેશને જાણવા જોગ નોંધાવતા મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એ.આઈ. જી.કે. બારોટે આ અંગે જાણવા જોગ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



મેઘરજ તાલુકામાં રાજપૂત સમાજ અરવલ્લી સંગઠનની રચના ગત બુધવારના રોજ કરવામાં આવી જેમાં પ્રમુખ લાલસિંહ જે. ચૌહાણ-કંભરોડા, ઉપપ્રમુખ કુંપાવત વીરભદ્રસિંહ એન.- મેઘરજ, ઉપપ્રમુખ ચૌહાણ લાલસિંહ એન.-ખાડીવાવ, મહામંત્રી સોલંકી સિદ્ધરાજસિંહ એમ.-પીસાલ, મંત્રી ચૌહાણ જીતેન્દ્રસિંહ ડી. -વડથલી, મંત્રી રાઠોડ નરેન્દ્રસિંહ એચ.- ખાડીવાવ, મંત્રી ચૌહાણ શૈલેન્દ્રસિંહ યુ. -કભરોડા, ઓડિટર ચૌહાણ નાગેન્દ્રસિંહ- વડથલીની સર્વાનુમતે રાજપૂત સમાજ મેઘરજ વતી વરણી કરવામાં આવી હતી.

## ભાવનગર કલેક્ટર તરીકે હર્ષદ પટેલની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકારે આજે બે સનદી અધિકારીઓના બદલીના હૂકમો જારી કર્યા છે.

ભાવનગર કલેક્ટર તરીકે ફરજ બજાવતા બન્છાનીધીપાનીની બદલી કરીને તેમને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે જામનગર મ્યુનિસિપલ કમિશનર હર્ષદકુમાર આર. પટેલની બદલી કરીને તેમને ભાવનગર કલેક્ટર તરીકે નિમણુંક આપવામાં આવી છે.




ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બી.વી.એમ. એન્જી. કોલેજ ખાતે ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ક્ષિતિજ-૧૬ યુવા મહોત્સવનું ઉદ્‌ઘાટન થયુ. આ પ્રસંગે ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ, જી.ટી.યુ.ના રજીસ્ટ્રાર જે.સી. લીલાણી તથા આણંદ જિલ્લાના ડીવાયએસપી હેતલ પટેલ અને સી.વી.એમ.ના સેક્રેટરી એસ.જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગની શરૂઆત ગણેશ વંદના કુ. આલ્ફા તથા કુમારી અસિતાએ કરી. કાર્યક્રમનું અભિવાદન સંસ્થાના વડા ડૉ. ઈન્દ્રજીત પટેલે કર્યુ. તેમના અને પ્રો. બી.એસ. પટેલ અને પ્રો. એ.એન. ભાવસાર તથા પ્રો. આકાર રોગલિયાના સહયોગથી સૌપ્રથમવાર વિદ્યાનગરના જીટીયુ ઝોન-૩ના છઠ્ઠા યુથ ફેસ્ટિવલનું આયોજન કોલેજ ખાતે થઈ રહ્યું છે. તથા તેમને સી.વી.એમ.ના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના સહકાર તથા પ્રેરણા પુરી પાડવા બદલ આભાર માન્યો હતો.

## રાજ્યના બંદરોના વિકાસ માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ : કેન્દ્રએ મહત્વના પ્રોજેક્ટો મંજુર કર્યા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં આવેલા માઈનોર પોર્ટના સર્વાંગી વિકાસ માટે કેન્દ્રની ભાજપ સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવીને કેન્દ્રના શીપીંગ રાજ્યમંત્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે ભાવનગર પાસે મરીન શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવામાં આવશે.

ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય શીપીંગ રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે ગુજરાત મેરીટાઈમ બોર્ડના અધિકારીઓ સાથે રાજ્યના માઈનોર પોર્ટસના વિકાસ માટે એક બેઠક મળી હતી. આ બેઠક બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રિય રાજ્યમંત્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે બંદરોના વિકાસ માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. બંદરોના વિકાસ પર દેશનો આર્થિક વિકાસ નિર્ભર છે ત્યારે બંદરોના વિકાસ કરવાની દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેમને આગળ ધપાવવા કેન્દ્ર સરકાર કટીબદ્ધ છે.

### તળિયાની તરસ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તળાવના તળિયાની તરસ છીપાતી જ નથી. ચોમાસાના અંતે પણ તળાવમાં પાણી ભરાતુ નથી. ગત ચોમાસા દરમિયાન પણ તળાવ ખાલીખમ ભાસતુ હતુ. જયારે આ વર્ષે પણ ચોમાસાના અંતે તળાવમાં પાણી જોવા મળ્યુ નથી. તળાવના તળિયામાં જ લીકેજ છે. જેના લીધે ચોમાસાના અંતે તળાવને પાણી નસીબ થતુ નથી. તળાવમાં પાણી ન ભરાતા સહેલાણીઓમાં પણ નારાજગી વ્યાપી છે. તળાવને પિકનિક સ્પોટ બનાવાની યોજના હજુ સુધી સાકાર થઈ નથી. બીજીતરફ તળાવને અનુલક્ષી તંત્ર દ્વારા નિર્માણ કરાયેલી ફુડકોર્ટ પણ હજુ સુધી શરૂ થઈ નથી. આ દુકાનો ફાળવવાની પ્રક્રીયા પણ અટવાઈ છે. તંત્ર દ્વારા તળાવમાં પાણી ટકે તે માટે તળિયાના મજબુતીકરણનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ માટે તંત્ર દ્વારા યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જેના અંતે આગામી ત્રણ મહીનામાં તળાવની રોનક નિખરે તેવી સંભાવના છે.

### ત્રાસવાદી દેશ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝાટકણી કાઢી છે. ભારતના સ્થાયી મિશનમાં પત્રકાર પરિષદમાં વિદેશ રાજ્યમંત્રી એમ.જે. અકબરે કહ્યું હતું કે અમે ધમકી અને વધતી જતી બુદ્ધિ વગરની વાતોને અમે સાંભળી ચુક્યા છીએ. પાકિસ્તાન સરકારની બ્લેકમેઈલ કરવાની નીતિ સામે ભારત ક્યારેય ઝુકશે નહીં. ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લાના ઉરી સેક્ટરમાં રવિવારના દિવસે સવારે સેનાના ઈન્ફેન્ટ્રી બટાલિયન કેમ્પ ઉપર ત્રાસવાદીઓએ હુમલો કરીને દેશભરમાં ભારે ખળભળાટ મચાવી દીધો હતો. આ ભીષણ હુમલામાં ૧૮ જવાનો શહીદ થયા હતા અનેક જવાનો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા પૈકી કેટલાકની હાલત હજુ પણ ગંભીર જણાવવામાં આવી છે. આત્મઘાતી હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલા બાદ અથડામણમાં તમામ ચારેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આતંકવાદીઓએ સૌથી પહેલા શસ્ત્રાગારને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

### ટેરર એલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા હોવાના અહેવાલને સમર્થન આપ્યું છે. કેટલાક સ્કુલી બાળકોએ કાળા વસ્ત્રો પહેરીને યુવાનોને નિહાળ્યા બાદ ઉંડી તપાસ કરવામાં આવી છે. આ યુવાનો હથિયાર સાથે દેખાયા હોવાના અહેવાલ મળ્યા છે. યુવાનોની સંખ્યા અંગે માહિતી મળી શકી નથી. મહારાષ્ટ્રના ઉરનમાં સ્કુલી બાળકોએ ૫-૬ લોકોને હથિયારો સાથે આઈએનએસ અભિમન્યુ બેઝ ખાતે નિહાળ્યા હોવાના અહેવાલ બાદ મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. એન્ટી ટેરરીસ્ટ સ્કોર્ડને એલર્ટ કરીને તપાસ હાથ ધરાઈ છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમના કાફલા સાથે ઘટના સ્થળે પહોંચી ગયા છે. સ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હેલિકોપ્ટર મારફતે પણ ચકાસણી કરવામાં આવી રહી છે. મુંબઈ હાર્બની પાસે સ્થિતિ આઈએનએસ અભિમન્યુ અને હથિયાર ડેપોની સુરક્ષા વધારી દેવામાં આવી છે. આઈબીનું કહેવું છે કે કોઈપણ શંકાસ્પદ ચીજવસ્તુ હજુ સુધી મળી નથી. મરિન કમાન્ડો ટરર એલર્ટની અનુસંધાનમાં ગોઠવાઈ ગયા છે. ઉરનમાં સવારથી જ જંગી પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો છે. મુંબઈ પોલીસે ગેટ વે ઓફ ઈન્ડિયા અને કોલાબાના દક્ષિણ દરિયાકાઠાં પર સુરક્ષા વધારી દીધી છે. ઉરનથી મુંબઈ પહોંચવામાં ૪૦ મિનિટનો સમય લાગે છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના અધિકારીઓએ કોઈપણ પ્રકારની અફવા ન ફેલાવવા અને પોલીસ અને અન્ય સુરક્ષા દળો સાથે સંપૂર્ણ સહકાર કરવા માટે અપીલ કરી છે. દરમિયાન, પોલીસે તમામ નિવાસીઓ અને ઓફિસે જતા લોકોને ટાઈમ સિવાય કોઈપણ જગ્યાએ બહાર ન ફરવા માટે કહ્યું છે. આસપાસ રહેતા લોકોને પણ કહેવામાં આવ્યું છે. કોઈપણ ચીજવસ્તુઓની ખરીદી કરવા બહાર ન નીકળવા કહેવાયું હતું. આજે ઉરનમાં દિવસ દરમ્યાન તમામ સ્કુલોને બંધ રાખવાની જાહેરાત કરાઈ હતી.

### ચાર કેસ મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યારે એક દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવી છે.

બીજી તરફ ગાંધીનગર સિવિલમાં આજે પણ કમળાના વધુ પાંચ કેસ નોંધાયા છે જે ઉલ્લેખનીય છે. છેલ્લા બે દિવસમાં જ જિલ્લામાં કમળાના ૨૦ જેટલા કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાંથી આજે મળેલ ૪ ડેન્ગ્યુના કેસોને પગલે મેલેરિયા તંત્ર દ્વારા સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરીના આદેશો આપી દેવામાં આવ્યા છે. સે. ૨૮ની જીઆઈડીસી વિસ્તારમાંથી એક કેસ મળ્યો હોવાનું પણ જાણવા મળેલ છે.

### અજવાળે ઝળહળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનો જનઆક્રોશ પણ પ્રબળ બન્યો છે. બીજીતરફ શહેરના કેટલાક માર્ગો પર એલ ઈ ડી લાઈટ પ્રાયોગિક ધોરણે ફીટ કરવામાં આવી છે. જયારે સમગ્ર શહેરમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવા માટે તંત્ર દ્વારા ટુંકમાં જ એજન્સીને કામ સોંપવામાં આવશે. જેના અંતે સ્ટ્રીટ લાઈટની જાળવણી પણ જવાબદાર એજન્સીને સોંપવામાં આવશે.હાલની સ્થિતિએ સેકટરોની શેરીઓમાં ઉજાસ પાથરવા માટે પ્રતિમાસ અંદાજિત રૂ ૨૨ લાખ વિજબીલ પાછળ ખર્ચ કરવામાં આવે છે. જયારે પ્રતિમાસ વીજ થાંભલાની જાળવણી પાછળ રૂ ૧૦ લાખનો ખર્ચ થાય છે. એલ ઈ ડી પ્રોજેકટના અમલના અંતે વિજબીલની આ રકમમાં ૨૫ ટકાની બચત થશે. બચતની આ રકમમાંથી જ એજન્સીને ચુકવણુ કરવામાં આવશે. આમ આ પ્રોજેકટ આર્થિક દ્રષ્ટીએ પણ આર્શીવાદરૂપ બનશે. જયારે શહેરમાં બંધ સ્ટ્રીટ લાઈટની ફરિયાદોનુ પણ ઝડપભેર નિરાકરણ આવશે. એલ ઈ ડી લાઈટના આ પ્રોજેકટને સૈધ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે. આગામી દિવાળી પુર્વે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવાશે. ત્યારબાદ એજન્સીને કામ સોંપવામાં આવશે.

### ડેટા સેન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વિલેજ પ્રોફાઈલમાં ગામની વસ્તી, વિસ્તાર ઉપરાંત ખેતી લાયક જમીન, શિક્ષણ, આરોગ્ય, પેયજળની સુવિધા, વીજળીકરણ, પ્રવાસન, સંદેશા વ્યવહાર, વાહન-વ્યવહાર, સામાજિક સુરક્ષા જેવી સેવાઓની ઉપલબ્ધિ અંગેની વિગતો સમાવવામાં આવેલી છે.

રાષ્ટ્રીય કમિશન જિલ્લા પંચાયતમાં પ્રથમવાર મુલાકાતે આવી રહ્યુ હોવાથી તંત્ર દ્વારા તે અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, જિલ્લા આંકડા અધિકારી એન.જી. પટેલ, કિરીટસિંહ રાઓલ, પિયુષ વોરા સહિતના સૌએ આ અંગે એક વિશેષ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કર્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ ડેટા સેન્ટરમાં ૮ હજારથી પણ વધુ બિઝનેશ યુનિટો જે વાણિજ્ય સાથે સંકળાયેલા છે તેમનું રજીસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું છે તેની પણ વિગતો છે.

આ ડેટા સેન્ટર દ્વારા ડી.ડી.ઓ. પોર્ટલ, જિલ્લા પંચાયતની વેબસાઈટ તેમજ જિલ્લા પંચાયતના વિવિધ પ્રકાશનોમાં સહયોગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં ડેટા સેન્ટર પર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સુવિધાઓ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે જે આધુનિક સુવિધાઓ ધરાવે છે.